ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:- 03 તા.12-04- 2021

# પ્રદેશ ભાજપ મહિલા મોરચા દ્વારા ૧૪મી એપ્રિલ ડૉ. આંબેડકર જયંતીના કાર્યક્રમો બાબતે વર્ચુઅલ બેઠક યોજાઈ

## ૧૩મી ની સંધ્યાએ ભીમ જ્યોત કાર્યક્રમ અને ૧૪મી એપ્રિલનાં દિવસે ટીકા ઉત્સવ કાર્યક્રમ થશે.

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા.૧૨ એપ્રિલ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ડૉ.દિપીકાબેન સરડવાની આગેવાનીમાં તથા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ના માર્ગદર્શન હેઠળ વર્ચુયલ બેઠકના માધ્યમથી રાજ્યના તમામ મહિલા મોરચાના કાર્યકર્તાઓ સાથે સંવાદ કાર્યક્રમ થયો, વર્ચુયલ બેઠકમાં ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના તમામ સમાવિષ્ટ જીલ્લાઓ/મહાનગરોના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ જોડાયા. તેમાં તા.૧૩ એપ્રિલ ૨૦૨૧ ના રોજ ડૉ.બાબા સાહેબ આંબેડકરજી ના જન્મજયંતિની પૂર્વ સંધ્યાએ ``ભીમ જ્યોત કાર્યક્રમ`` અંતર્ગત ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાના સ્થળે ફ્રૂટ વિતરણ અને સ્વચ્છતા અભિયાન કરીને દીપ પ્રજ્વલ્લિત કરવામાં આવશે તેમજ તા.૧૧ એપ્રિલ જ્યોતિબા ફૂલેજીની જન્મજયંતિ થી લઇ તા.૧૪ એપ્રિલના રોજ જીલ્લા/મહાનગર મહિલા મોરચાના બેનર સાથે સેવા વસ્તીમાં ``ટીકા ઉત્સવ`` (રસીકરણ અભિયાન) અંતર્ગત કોરોના રસીકરણ કેમ્પોનું આયોજન કરવામાં આવશે, આ સમગ્ર કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાના આગેવાન, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ સહભાગી બનશે.

અત્યારે કોરોનાનો જે કપરોકાળ છે, કોરોનાનું જે આક્રમણ વધી રહ્યું છે તેમાં આપણા એક સામાન્ય વંચિત અને છેવાડાના માનવીને આપણે કેવી રીતે સુરક્ષાચક્ર આપી શકીએ અને ૧૪મી એપ્રિલનાં દિવસે વેક્સીનેશન કેમ્પનું આયોજન કરવા માટેની ભલામણ મહિલા મોરચાના પ્રમુખ ડૉ. દિપીકાબેન સરડવા દ્વારા જણાવાયું હતું.

આ બેઠકમાં મહિલા મોરચાના પૂર્વ પ્રમુખશ્રી ડૉ. જ્યોતિબેન પંડ્યા, પ્રદેશ મહામંત્રી જશુબેન કોરાટ, ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના તમામ સમાવિષ્ટ જીલ્લાઓ/મહાનગરોના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ પોતાનો પ્રસ્તાવ રજુ કર્યા હતા.

ડૉ. યજ્ઞેશ દવે

પ્રદેશ મીડિયા કન્વીનર